ગાંધીનગરના યુવાને ૯૮.૨ ટકા પર્કન્ટાઈલ રેન્ક સાથે આઈઆઈએમ કલકત્તામાં પ્રવેશ મેળવ્યો

ગાંધીનગરમાં જ બોર્ન બેન્ડ બ્રોટ અપ થયેલો હેપ્પી સંઘાડિયા ફુટબોલનો ડિફેન્સનો અચ્છો ખેલાડી છે : આઈ.આઈ.ટી. મુંબઈ માટે પણ પસંદગી થઈ હતી તો જીઆરઈમાં ૩૨૩ ગુણાંક પ્રાપ્ત કરી વિશ્વની ૨૦ શ્રેષ્ઠ યુનિ.માં પ્રવેશની તક પણ મળી હતી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં જન્મી અને શિક્ષણ મેળવનાર વિદ્યાર્થી હેપ્પી જનકભાઈ સંઘાડિયાએ કેટની પરીક્ષામાં ૯૮.૨ ટકા પર્કન્ટાઈલ રેન્ક મેળવી દેશની શ્રેષ્ઠ ગણાતી આઈ.આઈ.એમ. કલકત્તામાં પ્રવેશ મેળવ્યો છે.

હેપ્પી નાનપણથી જ ભણવામાં હોંશિયાર હતો અને ૧૦મા ધોરણ સુધી તેણે કોઈપણ જાતના ટ્યુશન વગર ૯૨ ટકા ગુધીના ગુણાંક પ્રાપ્ત કરી શાળા માઉન્ટ કાર્મેલમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકેની નામના મેળવી હતી.

પિતાના આગ્રહથી ધો. ૧૦માં તેણે ટ્યુશન રખાવ્યુ. માઉન્ટ કાર્મેલ છોડી સે. ૮માં સેંટ ઝેવિયર્સમાં એડમિશન લીધું અને જોતજોતામાં જ આ બાળકની તેજસ્વીતા એવી નીખરી કે સ્કુલના પ્રિન્સિપાલ ફાધર હેક્ટરનો તે સૌથી પ્રિય વિદ્યાર્થી બની ગયો. બેસ્ટ સ્ટુડન્ટસૂના એવોર્ડઝ તેણે તેની કારકિર્દીમાં મેળવ્યા છે.

ધો. ૧૨ માં તેણે ૯૪ ટકા ગુણાંક એ ગ્રુપના વિષયોમાં મેળવી અને નિરમા એન્જીનિયરીંગ કોલેજમાં અભ્યાસ માટે જોડાયો.

હેપ્પી કહે છે કે તેની તેજસ્વીતાનો યશ લોજીક એકેડમીના નિશાન સરને ફાળે ઘણો જાય છે. તેમણે મેથ્સ અને અન્ય વિષયોમાં મારી રૂચિ કેળવી હતી. તેમના પિતાએ મને બહારના વાંચન માટે સતત પ્રેરણા આપી હતી. નિશાન સરના પિતા આમ તો નિવૃત્ત સરકારી અધિકારી છે પણ ઘણા બધા વિષયોમાં તેમની સાથે ચર્ચા કરવાની અને વાંચન પછી જાણેલી વિગતો શેર કરવાની મઝા જોર હતી.

હેપ્પીનો જન્મ થયો ત્યારે તેઓ સે. ૨૦ના સરકારી આવાસ નં. ૧૨૨/૫ ચ-ટાઈપમાં રહેતા હતા. હેપ્પી આમ તો ભણવામાં હોંશિયાર જેટલો છે એટલો જ રમતપ્રિય પણ છે. ફૂટબોલની રમતમાં ડિફેન્સનો તે અચ્છો ખેલાડી હતો અને તેથી જ કાર્મેલ તેમજ ઝેવિયર્સની સ્કુલ ટીમમાં તેની આગવી બોલબોલા ખેલાડી તરીકેની હતી. આજે પણ તેના મિત્રો સાથે મળી રાત્રે ટી.વી. પર આવતી લાઈવ ફૂટબોલ મેચો જોવાનું તે ક્યારેય ચૂકતો નથી.

હેપ્પીને વાંચનની અભિરૂચિ વધતાં તે રિડર્સ પેરેડાઈઝ લાયબ્રેરી સે. ૨૨માં સભ્ય તરીકે દાખલ થયો અને કોલેજ એજ્યુકેશન દરમ્યાન જ અભ્યાસ ઉપરાંતના ૫૦ થી પણ વધુ પુસ્તકોનું વાંચન પૂર્ણ કર્યું છે. હવે ૧૬મી જુને તે કલકત્તા આઈ.આઈ.એમ.ના વિદ્યાર્થી તરીકે તેની કારકિર્દી શરૂ કરવાનો છે ત્યારે રિડર્સ પેરેડાઈઝમાં જઈ સભ્યપદ રદ કરાવવાની તેની ઈચ્છા પણ નથી કરતો..... એકવાર નક્કી કર્યું કે સભ્યપદ રદ કરાવી આવુ પણ વાંચનના શોખે તેણે આમ કરતો રોક્યો હતો.

હેપ્પી આઈ.આઈ.એમ. કલકત્તાના પ્રવેશ માટે મુંબઈમાં ઈન્ટરવ્યુ આપવા ગયો તે પૂર્વે તેણે આઈ.આઈ.ટી. મુંબઈમાં એડમીશન માટેની ઓફર ઠુકરાવી દીધી હતી.

હેપ્પી કહે છે કે ગુજરાતી વિદ્યાર્થીઓના માનસમાં કેટની એક્ઝામનો ખોટો ડર છે. મેથ્સ અને અંગ્રેજી વિષયો સાથે આ પરીક્ષા તેણે આપી ત્યારે તેને ખુબ મઝા આવી હતી. કેટની એક્ઝામ તદ્દન ફ્રેશ ઈંજનેર તરીકે તેણે આપી હતી. તે કહે છે કે કોલેજના સમય ઉપરાંત ચાર થી પાંચ કલાકનું વાંચન તે નિયમિત કરતો હતો.

હેપ્પીએ GRE માં પણ ૩૨૩ ગુણાંક પ્રાપ્ત કરી વિશ્વની શ્રેષ્ઠ ૨૦ યુનિવર્સિટીઓમાં પ્રવેશની તક મળી હતી. પરંતુ આઈ.આઈ.એમ. માં ભણવાની અને નોખી સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઈચ્છા હતા. આઈ.આઈ.એમ. નો ઈન્ટરવ્યુ એક કલાક ચાલ્યો અને બહાર આવ્યો ત્યારે તેણે ભરપુર વિશ્વાસ સાથે કહ્યું હતું કે કલકત્તા એ મારી ચોઈસ છે અને હું ત્યાંજ હવે ભણીશ.

એપ્રિલ ૧૯૯૨માં જન્મેલ હેપ્પી આમ તો ઘરમાં નાનુ સંતાન છે પણ માતા-પિતાનું લાડકુ સંતાન છે. તેનો મોટો ભાઈ બ્રિજોન સંઘાડિયા પણ મીકેનીકલ એન્જીનીયર છે અને બી.કે. સ્કુલ ઓફ મેનેજમેન્ટમાંથી એમ.બી.એ.ની ડિગ્રી મેળવી હાલ મહેન્દ્રા એન્ડ મહેન્દ્રામાં ચંડીગઢ ખાતે ફરજો બજાવે છે.

હેપ્પી પણ મીકેનીકલ એન્જીનીયર થયો છે અને કોલેજમાં યોજાયેલ કેમ્પસ ઈન્ટર્વ્યુમાં ટાટા મોટર્સ માટે તેની પસંદગી થઈ હતી પણ ભણવાની ઘેલછાને લઈ તેમાં જોડાવાનો ઈન્કાર તેણે કર્યો હતો.

હેપ્પીના પિતા જનકભાઈ સંઘાડિયા નિવૃત્ત સરકારી ઈંજનેર છે અને માતા આરતીબેન પણ સાદા ગૃહસ્થી છે. માતા-પિતા હેપ્પીની શૈક્ષણિક કારકિર્દીની બહુ કાળજી રાખે. જો કે હેપ્પીને ખાવામાં ફળો વધુ પસંદ પડે છે અને બાકી સાદુ ગુજરાતી જમવાની તેને બહુ મઝા આવે છે.

હેપ્પી ગાંધીનગર સમાચારનો નિયમિત વાંચક પણ છે

ગાંધીનગર, તા. ૩

હેપ્પીને અભ્યાસેત્તર વાંચનના શોખની સાથે સાથે ગાંધીનગર સમાચાર, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને અમદાવાદ મીરર નિયમિત વાંચે છે. તે પોતાના સે. ૩ના ઘરના બગીચાનું ધ્યાન પણ એટલું જ રાખે છે એટલુ જ નહિ બગીચામાંથી નોંધારા પ્રાપ્ત થયેલા ચકલીના બચ્ચા સાથે પણ એટલો જ પ્રેમ કરતો હતો. કુદરતને માણવાની તેને બહુ મઝા આવે છે.

જોખમી ઝાડ - ગાંધીનગરના સુંદર માર્ગો નજર લાગે એવા છે એની ના ન કહી શકાય... પરંતુ અકસ્માતના જોખમો એટલા જ છે... તેની પણ ના ન કહી શકાય... માર્ગની બંને બાજુ ઉછેરાયેલ વૃક્ષોથી પ્રાકૃતિક વૈભવની અનુભૂતિ સહજ રીતે થાય છે... પરંતુ ફૂટપાથ બનાવતી વખતે આડા થઈ ગયેલા વૃક્ષોની રી-ટ્રાન્સપ્લાન્ટ કરવાના રહી જવાથી સતત જોખમના સંકેત સાથે ઊભેલું વૃક્ષ ક્યારેક માર્ગ પરથી પસાર થતા વાહન ચાલક કે રાહદારીને જોખમી બનાવી શકે છે.... (તસવીર : દિપક જાની)

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અન્વયે ગુડાએ ૧૮ લાખ કીલો કચરો ઉલેચ્યો

એક વર્ષમાં ટી.પી. વિસ્તારના ૬ ગામોમાં ૩૫૩૧ યુનિટો આવરી લેવાયા

ગાંધીનગર, તા.૩

ગુડા વિસ્તારમાં કલીન સીટીના કનસેપ્ટને વેગ આપવા કચરાના નિકાલ માટે નમૂનારૂપ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની ઓનલાઈન સિસ્ટમ અન્વયે છેલ્લા એક વર્ષ દરમિયાન ટી.પી. વિસ્તારના ૬ ગામોમાંથી વાર્ષિક ૧૮ લાખ કીલો કચરો એકત્રિત કરવામાં આવ્યો છે. આ યોજના અન્વયે ગુડા વિસ્તારના ૩૫૩૧ મકાનો આવરી લેવામાં આવ્યા છે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં ટી.પી. એરિયાની સોસાયટીમાં કચરા એકત્રિકરણની નમૂનારૂપ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. એક વર્ષ પૂર્વે તા. ૩ મે વર્ષ ૨૦૧૨ના રોજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની આ અલબત્ત વ્યવસ્થાનો આરંભ કરવામાં આવ્યો હતો. ટી.પી. વિસ્તારમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની ઓનલાઈન સિસ્ટમ અન્વયે મોબાઈલથી સ્કેનીંગ કરી કચરો ક્યારે એકત્રિત કરવો તે અંગેની પણ માહિતી રાખવામાં આવે છે. આ માટે બે મોબાઈલ વાનનો પણ ઉપયોગ થાય છે. છેલ્લા એક વર્ષ દરમિયાન આ વ્યવસ્થા ગુડા વિસ્તારના રાંદેસણ, કુડાસણ, રાયસણ, સરગાસણ, વાવોલ અને ધોળકૂવા ના ૩૫૩૧ મકાનોને આવરી લેવામાં આવ્યા છે. આ પ્રત્યેક ઘરોમાંથી દરરોજ ૫ હજાર કીલો કચરો એકત્રિત કરવામાં આવે છે. રાજયમાં સર્વ પ્રથમ ગુડા દ્વારા આ નમનારૂપ વ્યવસ્થાનો અસરકારક અમલ કરવામાં આવી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં સાડા ચાર દાયકાના અંતે પણ શેરીઓમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ નગરને નિર્મળ બનાવવાની સોહામણી યોજના અન્વયે કોઈ અસરકારક પગલા લેવાયા નથી.

બનાવટી નોટ બજારમાં ફરતી કરવાના નેટવર્ક પર પોલીસની વોચ

ગાંધીનગર, તા. ૩

બનાવટી ચલણી નોટ બનાવવાથી માંડીને તે નોટોને ફરતી કરવા સુધીનું નેટવર્ક રાષ્ટ્રીય સ્તરે ચાલી રહ્યું છે ત્યારે રાજયના પાટનગર ગાંધીનગરમાં પણ નકલી ચલણી નોટો વધુ માત્રામાં ઘુસી ગયાની ફરીયાદો ઉઠી છે. ડેઈલી ટ્રાન્જેકશન જ્યાં વધુ હોય છે તેવી નાની-મોટી બેંકો અને પેટ્રોલપંપો મારફતે આ બનાવટી નોટો વધુ ફરતી થતી હોય છે. જેને પગલે આ નેટવર્ક શોધવા હવે ગાંધીનગર જિલ્લા પોલીસે વોચ ગોઠવી છે અને બનાવટી નોટ ફરતી થતા અટકાવવા પેટ્રોલપંપ-બેંકો જેવા એકમોમાં ફરજીયાત 'ફેક કરન્સી ડિટેક્ટર' રાખવા જિલ્લા પોલીસ વડા શરદ સિંગલે સુચનાઓ આપી દીધી છે. ઉલ્લેખનીય છે કે રૂ. ૩૫ થી રૂ. ૪૦ હજારની અસલી નોટના બદલામાં રૂ. ૧ લાખની નકલી ચલણની નોટ વેચી દેશની અર્થ વ્યવસ્થાને તોડી પાડવાનું ષડયંત્ર ચાલી રહ્યું છે.

તાજેતરમાં ગાંધીનગરની વિવિધ બેંકો તથા બેંકની અન્ય શાખાઓમાં રૂ. ૧,૦૦૦ અને રૂ. ૫૦૦ની બનાવટી ચલણી નોટો કેટલાક શખ્સો દ્વારા પધરાઈ દેવામાં આવી હતી. જે અનુસંધાને પોલીસમથકે બેંક મેનેજર દ્વારા ફરિયાદ પણ કરવામાં આવી હતી. જેની તપાસ ગાંધીનગર એલ.સી.બી.ને સોંપવામાં આવી છે. ગાંધીનગરમાં બનાવટી નોટો ખુબ જ પ્રમાણમાં ધીરે ધીરે ફરતી થઈ ગઈ છે. જેનો ભોળા સામાન્ય નાગરિકો પણ બની રહ્યા છે. આ નેટવર્ક ચલાવતા શખ્સો મોટેભાગે તેમના મીશન પાર પાડવા એટલે કે રૂપિયા વહેતા કરવા તેવા સ્થળોને પસંદ કરે છે જ્યાં ડેઈલી મની ટ્રાન્જેકશન મોટા પ્રમાણમાં હોય છે. એટલે કે નાની-મોટી બેંકો અનેપેટ્રોલપંપ સહીતના એકમોને ટાર્ગેટ બનાવે છે. મોટી બેંકોમાં 'ફેક કરન્સી ડિટેક્ટર' હોય જ છે. પરંતુ કેટલીક નાની બેંકોમાં ચલણી નોટ ચેક કરવા માટેનું મશીન 'ફેક કરન્સી ડિટેક્ટર' હોતા નથી. તે ઉપરાંત પેટ્રોલપંપો પર પણ આ મશીન હોતા નથી જેથી ઉતાવળમાં નકલી નોટ પણ અસલી નોટની સાથે સ્વીકારી લેવામાં આવતુ હોવાનું ધ્યાને આવ્યું છે. આ મોટા સ્ત્રોતો અને એકમો પર નકલી નોટ ઘુસાડાતી હોવાની શક્યતાઓને પગલે તાકીદે તે સ્થળો

ડેઈલી ટ્રાન્જેકશન વધુ હોય તેવા પેટ્રોલપંપ-બેંકો સહિતના એકમોમાં 'ફેક કરન્સી ડીરેક્ટર' ફરજીયાત રાખવા એસ.પી.ની સુચના : સૌથી વધુ નકલી નોટો ત્યાંથી પધરાવાય છે...!

● અનુસંધાન પાન-૭ પર

ટાઉનહોલના ફુલીંગ પ્લાન્ટમાં ક્ષતિ

ફુલીંગ પ્લાન્ટમાં ક્ષતિ સર્જાતા પ્રેક્ષકો ગરમીથી અકળાય છે! : ફુલીંગ પ્લાન્ટની જાળવણીનું કામ સંભાળતી એજન્સીઓએ પણ હાથ ઉંચા કરી દીધા!

ગાંધીનગર, તા.૩

શહેરના ટાઉનહોલમાં કાર્યક્રમ માણતા શ્રોતાઓ ગરમીથી કંટાળી પ્રોગ્રામ દરમિયાન આયોજકોને મેસેજ મોકલે છે...એ.સી. ચાલુ કરો!! હોલના ફુલીંગ પ્લાન્ટમાં ટેકનિકલ ક્ષતિઓ ઉદભવતા શ્રોતાઓ કાર્યક્રમની મજા માણી શકતા નથી. બીજી તરફ ફુલીંગ પ્લાન્ટની જાળવણીની જવાબદારી જેના શીરે છે તે એજન્સી પણ બેદરકાર નિવડી છે. આખરે તંત્ર દ્વારા ટાઉનહોલને ઠંડો રાખવા નવી એજન્સીને કામ સોંપવા નિર્ણય લેવાયો છે.

આકાશમાંથી વરસતી અગનજવાળાના લીધે જનજીવન આકરી ગરમીથી પ્રભાવિત થયું છે. ઘર અને ઓફિસોમાં સતત એ.સી.નો ધમધમાટ જોવા મળે છે. બેચેન કરતી અસહ્ય ગરમીમાં ટાઉનહોલમાં એ.સી. પ્લાન્ટમાં ક્ષતિ ઉદભવતા ફુલીંગના અભાવે શ્રોતાઓ ગરમીના લીધે અકળાઈ જતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. હોલમાં સ્થિત શ્રોતાઓ આયોજકોને આ અંગે કાર્યક્રમ દરમિયાન મોબાઈલ પર મેસેજ પણ મોકલે છે. ત્યારે જવાબદાર તંત્ર ટાઉનહોલના ફુલીંગ પ્લાન્ટમાં વારંવાર ટ્રીપીંગ થતું હોવાનું જણાવી નવી એજન્સીને ફુલીંગ પ્લાન્ટનું સમારકામ સોંપવા તૈયાર થયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૫ વર્ષનો કોન્ટ્રાકટ ધરાવતી એજન્સીને વારંવાર આ મામલે નોટીસ આપવામાં આવી છે. જયારે બેદરકાર એજન્સીનું પેમેન્ટ પણ કટ કરવા નિર્ણય લેવાયો છે. ટાઉનહોલના ત્રણ ફુલીંગ યુનિટ પૈકી એક સ્ટેન્ડબાય છે. પરંતુ ફુલીંગ યુનિટમાં ખામી આવતા નવી એજન્સીને કામ સોંપવા નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર જેસીઝ દ્વારા રક્તદાન અને અસરકાર વક્તૃત્વ તાલીમ શિબિર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જેસીઝ દ્વારા રક્તદાન કેમ્પનું રવિવારે તા. ૫મી મેના રોજ સવારે ૮ થી ૧૧ દરમિયાન સિવિલ હોસ્પિટલ ખાતે આયોજન કરેલ છે. આ ઉપરાંત વક્તૃત્વ તાલીમ શિબિર સવારે ૧૦ થી ૫ દરમિયાન કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશનના લર્નીંગ સેન્ટર ખાતે યોજાશે જ્યાં જાણીતા જેસીઝ ટ્રેનર નિમેષ રાવલ દ્વારા આખા દિવસના વર્કશોપનું સંચાલન કરાશે. આ તાલીમી કાર્યક્રમમાં ભાગ લેવા માટે જેસી. કેતન નિર્મલ (૯૯૨૪૨ ૨૩૨૯૯), જેસી. પ્રેરક વસાવડા (૯૮૨૪૫ ૪૩૧૭૦), ડૉ. અપૂર્વા રાવલ (૯૮૭૯૫ ૧૮૭૦૨)નો સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે

બેસણું

મારા ધર્મપત્ની **ભાવનાબેન વી. પરીખ** (કૃષિ અને સહકાર વિભાગ)નું તા. ૨/૫/૨૦૧૩ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૪/૫/૨૦૧૩ને શનિવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૦૬૮/૧, સેક્ટર-૧ ઉસી, મહાત્મા મંદિર પાસે, ગાંધીનગર

લિ.
વિજયકુમાર પરીખ — મોલિક વી. પરીખ
બા.સૌ. પ્રીતિ મોલિક પરીખ

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લીમીટેડ
દુકાન નં. સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૧૨૨

તૂટેલા કેટ વેચવાના છે
દૂધ વિતરણનાં તૂટેલા કેટ અંદાજીત - ૨૦૦૦
(કલર - લાલ, ૧ કેટનું વજન - ૧૨૦૦ ગ્રામ)
ભાવપત્રક તા. ૧૦/૫/૨૦૧૩ સુધી સ્વિકારવામાં આવશે.



સૂકવણી
★બદેકાની વેફર ★ખાખરાની વેફર
★ સાબુદાણા ★બદેકાની વકરી
સોબાલા પાપડ - શેવ
દરેક વસ્તુ શુદ્ધ અને ફ્રેશ
ગાંધીનગર ખમણ- મુઠા નાસ્તા
બીસ્કેટ, અથાણાં, ખમણ તો ખરા જ...
ભાગ્યલક્ષ્મી ખમણ હાઉસ
પ્લોટ ૪ - ૧૩, રીલેક્સ સેક્ટરની સામુ, સેક્ટર-૮, ગાંધીનગર, ફોન : ૨૩૨૨૦૦૧, ૨૩૨૨ ૧૧૦૦
રોજીંદો સમય - બપોરે ૧ થી ૫ સુધી

ટયુકડી જાહેર ખબર
દર ગુરુવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383/82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com